# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૮૩ • તા.૧૧ ડિસેમ્બર થી ૧૭ ડિસેમ્બર ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

KDO BUSINESS

## સમસ્ત મહાજનની બીટુબી સમિતિના માધ્યમથી

# જ્ઞાતિજનોના વેપારમાં વધારો

સોશ્યલ મિડીયામાં ૭ હજારથી વધુ વેપારીઓ જોડાયા

જરૂરતમંદને નોકરીઓ માટે શ્રેષ્ઠ પ્લેટફોર્મ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ચિંતા ચિતા સમાન

આધિ વ્યાધિ અને ઉપાધિ બધાને એક અથવા બીજા પ્રકારે સતાવે છે. ચિંતા તો જણ માત્રને પીડે છે, ચિંતા કોને નથી? એવી વ્યક્તિ કે એવો નફિકરો ઈન્સાન શોધવો મુશ્કેલ થઈ પડે એવું છે. પણ તેનો બોજ લઈ ફર્યા કરવાથી કંઈ વળવાનું નથી. ચિંતા એ એવી ઉધઈ છે જે સતત માંહ્યલાને ખોતરી ખોતરી ખોખલું કરી નાખે છે. મન, મગજ અને આત્મા ત્રણેયને અંદરથી કોતરીને ગુફા જેવા વિકરાળ, બિહામણા બનાવી દે છે. મોટા ભાગની ચિંતા એ બિનજરૂરી, નાહકની અને સ્વભાવગત ડર, ભય કે ભીતિથી થતી હોય છે. જેને મક્કમ મનથી ટાળી શકાય છે.

માણસને જેટલી વર્તમાનની ચિંતા નથી એટલી ફિકર ભવિષ્ય માટેની છે. સ્વાર્થ, ભય, લોભ અને લાલસાના કારણે ચિંતા ઉત્પન્ન થાય છે. ભૂતકાળમાં કરેલી ભૂલોને સ્મરી, ભવિષ્યમાં મારું શું થશે? તેની કલ્પના માત્રથી ચિંતાનો ફડફડાટ પેસી જાય છે. જીવનરૂપી સાગરમાં ભરતી અને ઓટ, તોફાન અને ઉછાળા આવતા રહે છે. જીવનમાં દુઃખ, મુશ્કેલી અને આફતો આવ્યા કરે છે. કોઈ કાયમી સુખી કે દુઃખી રહેતું નથી. આ એક એવું ચક્ર છે જે સદાય ફરતું રહે છે. સમય ચક્રમાં ફરતાં ફરતાં આપણે પણ ક્યારેક ઊંચા, તો ક્યારે નીચા રહી જઈએ છીએ. આ ઉન્નતિ અને અધોગતિની રમત જે ને ગણકારીએ તો તન, મન અને તંદુરસ્તીને કંઈ અસર થતી નથી.

ઘણીવાર દુઃખ અને આપતિ આવ્યાની પહેલાં ભયથી માણસ ઢીલો પડી જાય છે. ખોટી ચિંતાથી જીવ બાળ્યા કરવાનો કંઈ મતલબ નથી. દુઃખને વાગોળ્યાં કરવાથી એ વધતું રહેવાનું છે. પડશે એવા દેવાશેની નીતિ રાખનાર ખરાબ સમયને પણ સુખરૂપ લાંઘી શકે છે.

મોટા ભાગના દુઃખો પોતાના મનની સર્જન પ્રક્રિયાથી પેદા થાય છે. દરેક પ્રશ્નનું નિરાકરણ શાંતિ ધીરજતા અને મક્કમતાથી થાય છે. ધૈર્ય હિંમત અને ડહાપણના ત્રિશૂળ શસ્ત્રથી જ તેનો ખાતમો થઈ શકે છે. આપણે કરેલી ભૂલોમાંથી પાઠ ગ્રહણ કરી શીખને સમજણ લઈએ તો દરેક મુસીબત કે ચિંતાનો સરળતાથી રસ્તો નીકળી શકે છે.

આપણી સમસ્યાનો ઉકેલ અન્ય પાસે માંગવાનો અર્થ નથી. ગામને મોંઢે ઢાંકણું રહેવાનું નથી અન્ય એકને પણ થયેલી જાણ ભવિષ્યમાં અનેકને થવાની છે એ સમજીને કોઈને આપણી વાતથી અવગત કરાવવું. આજને નજર સમક્ષ રાખી એતો ભવિષ્યની બિલકુલ ચિંતા કે ફિકર રહેવાની નથી. કેટલીક વખતે ઠોકર ખાવાથી પણ સભાનતા અને સજાગતા આવે છે. કંઈ ગુમાવવાથી જ નવું પ્રાપ્ત થાય છે. બીજ જમીનમાં દટાઈ પોતાનું અસ્તિત્વ ઓગાળે છે. ત્યારે જ વટવૃક્ષનું સર્જન થાય છે.

મોટા પ્રકારે ચિંતા ધનસંપત્તિ વારસાને લગતી હોય છે. સગા સંબંધીઓ કે વ્યવહારને લગતી હોય છે. ચિંતા કોઈપણ પ્રકારની હોય, નાની કે મોટી એ જીવ માટે ચિંતા પ્રગટાવવા જેવી છે. ચિંતા જેમ નશ્વર શરીરને ખાખ કરે છે. તેવી જ રીતે ચિંતા જીવતે જીવ માનવ મનખાને ક્રમશ રીતે રાખ કરીનાખે છે. માટે જ કહેવાયું છે. ચિંતા સે ચતુરાઈ ઘટે, ઘટે રૂપબલ, જ્ઞાન, ચિંતા બડી અભાગણ ચિંતા ચિતા સમાન.

– જય જ્ઞાતિમૈયા

# સફળતા અને નિષ્ફળતાના લેખા જોખા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

'ઉગતા સૂરજને સૌ પૂજે' એ ઉક્તિ ઘણી પ્રચલિત છે. ઊગતો સૂરજ સૌને ગમે છે. કારણ કે અંધકારને દૂર હડસેલી સોનેરી પ્રકાશનો સામ્રાજ્ય પાથરે છે. જ્યારે આથમતો સૂરજ સૃષ્ટિ ઉપર અંધકારનું રાજ લાવે છે. જેને કારણે આથમતો સૂરજ કોઈને ગમતો નથી. આમ સવારનો સૂરજ આશાસ્પદ સમયનો સંકેત આપે છે જ્યારે સમી સાંજનો સૂર્ય નિરાશાનો ભાવ લાવે છે.

આવી જ વાત સફળતાને સમજવા માટે લેવી પડે. સફળતાને જાણવા નિષ્ફળતાનું વિશ્લેષણ કરવું જરૂરી છે. સફળતા જેટલી જ મહત્વની નિષ્ફળતા છે. નિષ્ફળતા છે એટલે જ સફળતા છે. આમ સફળતાના પાયામાં જ નિષ્ફળતા ધરબાયેલી છે. સિધ્ધિનો શિખર પોતાની ઉપર ઊંચકીને ભાર વેઠે છે ને તે છતાં સૌમાં બદનામ, અપ્રિય બને છે.

જેમ કોઈ હારે છે ત્યારે જ કોઈ એક જીતે છે. કોઈ એક પરીક્ષામાં ઓછા માર્કસ વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરે છે. ત્યારે કોઈ એક વધુ માર્કસ લઈ આવનાર અવલ રહે છે. સફળતાનો ફાલ ત્યારે જ ઉતરે છે જ્યારે નિષ્ફળતાનું બીજ જમીનમાં રોપાય. સફળતા પોતે પોતાની અંદર નિષ્ફળતાને પાંગરવા દે છે ત્યારે જ સફળતા પોતે દૈદિપ્યમાન થઈને નિખરે છે.

માનવી માત્રને જીત પસંદ છે હાર નહીં. એવી જ રીતે સફળતાના ચાહક સૌ કોઈ થાય છે. પણ, નિષ્ફળતાની ચાહત કોઈ નથી રાખતું. ગીતાનો બોધ કહે છે કે હાર કે જીત, સફળતા કે નિષ્ફળતાનું પરિણામની પરવા કર્યા વગર નિષ્કામ થઈને તું માત્ર કર્મ કર. એટલે સફળતા મળે એ માટે જરૂર મથવું પણ જો તે છતાં નિષ્ફળતા હાથ લાગે તો હાથ પર હાથ ધરી ન બેસી રહેતાં સંકલ્પ દ્રઢ કરીને વધુ પૂરપાટ દોટ લગાવી સફળતાની પાછળ ભાગવું જોઈએ. હાર પામીને હતાશ ન થવું. ફરી જીતવા બેઠા થવું અને દોડવું જરૂરી છે. આમ સફળતા અને નિષ્ફળતાને સમાનતાથી જોવા જરૂરી છે. પણ આપણે સ્વભાવ વશ સફળતાને જ વધુ મહત્વ આપીએ છીએ.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સમસ્ત મહાજનની બીટુબી કમિટીની

# જ્ઞાતિજનોના સેવાર્થે ઉપયોગી યોજનાઓ

છેલ્લા પોણા બે વર્ષ કોરોના કાળને લીધે ધંધા રોજગારને અતિ ગંભીર પરિસ્થિતિમાંથી પસાર થવું પડયું છે. ખાસ કરીને નાના ને ઉભરતા વ્યાપારીઓ, નવા ને નાના પાયે ધંધો રોજગાર, વ્યવસાય ચલાવતા વેપારીઓને ઘણુ ઘણુ ભોગવવાનું થયું છે. તે ઉપરાંત અનેક વ્યાપારીઓ ધંધો રોજગાર બંધ કરતા નોકરિયાત વર્ગને ઘર બેસવાનો વારો આવ્યો છે. આ સર્વે કપરી પરિસ્થિતિ જાણીને જ્ઞાતિજનોની પ્રત્યે મદદનો હાથ લંબાવતા સમસ્ત મહાજનની બીટુબી કમિટી આગળ આવી પહેલ કરીને ધંધાર્થીને અને નોકરિયાત વર્ગને ઉપયોગી થાય એવી પહેલ કરી નોકરી ખાલી છે અને નોકરી જોઈએ છે ની ઝુંબેશ હાથ ધરી છે. જે દ્વારા ઈ મેગેઝિન જ્ઞાતિમૈયા માધ્યમ બનીને વેપારી-વ્યવસાયિકોની પેઢીમાં ખાલી નોકરીની જરૂરિયાત પુરી કરવા નોકરી ખાલી છે એ ચિન્હ પર ક્લીક કરતા ફોર્મ સામે આવે છે. જે ભરીને મોકલવાથી પુરી વિગત નોકરી ઈચ્છુક જોઈ શકે છે તેવીજ રીતે જેને નોકરી જોઈએ છે એ વ્યક્તિ દર્શાવેલ ચિન્હ પર ટચ કરી સ્ક્રીનમાં આવતું ફોર્મમાં વિગત ભરી દે તો જે વિદ્યાર્થીને નોકરિયાત જોઈએ છે. તે આ ફોર્મ જોઈ પોતાની જરૂરિયાત આસાનીથી પુરી કરી શકે છે.

કોરોનાના કપરો કાળ લાંબો ખેંચાવાને લીધે સામાજિક, આર્થિક અસરો અને સહુને સહન કરવી પડી છે. એમાં બીટુબી કમિટીની આ ઉપયોગી વ્યવસ્થા જરૂર સૌ જ્ઞાતિજનોને માટે લાભપ્રદ થશે.

KDO BUSINESS

તે ઉપરાંત ડિજીટલ માધ્યમ દ્વારા વિવિધ કેટેગરીમાં ૬૦૦૦થી વધુ બિઝનેસકારો મેમ્બર છે. જે ક્યાં ગયા વગર, મોબાઈલ, કોમ્પ્યુટરનો ઉપયોગ માત્ર કરીને પોતાનો વ્યવસાય વિકસાવી શકે છે. પોતાના પ્રોડક્ટનો ૨ મિનીટનો વિડીયો વ્યવસાય-પ્રોડક્ટ કે સર્વિસ વિશેનો તૈયાર કરી મો.૯૦૯૯૦ ૪૧૪૧૪ નંબર પર મોકલવાથી બીટુબી સોશ્યલ મિડીયા પ્લેટફોર્મ પર તેનો બહોળો પ્રચાર કરી પ્રસિદ્ધિ આપશે. આમ સમગ્ર વિશ્વમાં આ વિડીયો પ્રદર્શિત થઈ પ્રચાર કરે જેનો લાભ જે તે સર્વિસ પ્રોડક્ટને બિઝનેસને થશે.

આમ કોરોનાનાં કાળમાં કેડીઓ જ્ઞાતિ માટે નવી તકો સુલભ કરાવી છે બીટુબી કમિટીએ.

## સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**

# સમસ્ત મહાજનની બીટુબી પોર્ટલમાં શહેર પ્રમાણે જોડાયેલ જ્ઞાતિજનોની સંખ્યા

| | |
|---|---|
| Lonavala, Maharashtra, India | 3 |
| West Windsor, NJ | 3 |
| Ulhasnagar, Maharashtra, India | 3 |
| Gondia, Maharashtra, India | 3 |
| Sydney, NSW, Australia | 3 |
| Vadakara, Kerala, India | 3 |
| Nizamabad, Telangana, India | 3 |
| Murtajapur, Maharashtra, India | 3 |
| Brampton, ON, Canada | 3 |
| London, UK | 4 |
| Khirkiya, Madhya Pradesh, India | 4 |
| Halol, Gujarat, India | 4 |
| Alto Porvorim, Goa, India | 4 |
| Unjha, Gujarat, India | 4 |
| Bagalkot, Karnataka, India | 4 |
| Sailu, Maharashtra, India | 4 |
| Mudhol, Karnataka, India | 4 |
| Bhopal, Madhya Pradesh, India | 4 |
| Guntur, Andhra Pradesh, India | 4 |
| Neemuch, Madhya Pradesh, India | 4 |
| Amalner, Maharashtra, India | 4 |
| Belgaum, Karnataka, India | 4 |
| Shirpur, Maharashtra, India | 4 |
| Delhi, India | 4 |
| Shevgaon, Maharashtra, India | 5 |
| Doha, Qatar | 5 |
| Salem, Tamil Nadu, India | 5 |
| Bijapur, Karnataka, India | 5 |
| Raichur, Karnataka, India | 7 |
| Kolkata, West Bengal, India | 7 |
| Yavatmal, Maharashtra, India | 7 |
| Panjim, Goa, India | 7 |
| Karad, Maharashtra, India | 8 |
| Chopda, Maharashtra, India | 8 |
| Naliya, Gujarat, India | 8 |
| Virar, Maharashtra, India | 9 |
| Jalna, Maharashtra | 9 |
| Bhavnagar, Gujarat, India | 9 |
| Solapur, Maharashtra, India | 9 |
| Kalyan, Maharashtra, India | 9 |
| Davangere, Karnataka, India | 9 |
| Khandwa, Madhya Pradesh, India | 10 |
| Pimpri, Maharashtra, India | 10 |
| Anjar, Gujarat, India | 10 |
| Mundra, Gujarat, India | 11 |
| Rajkot, Gujarat, India | 11 |
| Amravati, Maharashtra, India | 12 |
| Sendhwa, Madhya Pradesh, India | 12 |
| Pachora, Maharashtra, India | 12 |
| Burhanpur, Madhya Pradesh, India | 14 |
| Tirupur, Tamil Nadu, India | 14 |
| Karanja, Maharashtra, India | 15 |
| Aurangabad, Maharashtra, India | 15 |
| Chalisgaon, Maharashtra, India | 16 |
| Dubai, United Arab Emirates | 16 |
| Surat, Gujarat, India | 18 |
| Nagpur, Maharashtra, India | 19 |
| Sangli, Maharashtra, India | 21 |
| Dhule, Maharashtra, India | 21 |
| Jamnagar, Gujarat, India | 23 |
| Khamgaon, Maharashtra, India | 26 |
| Gadag, Karnataka, India | 26 |
| Ankleshwar, Gujarat, India | 26 |
| Chennai, Tamil Nadu, India | 28 |
| Nanded, Maharashtra, India | 31 |
| Nashik, Maharashtra, India | 32 |
| Raipur, Chhattisgarh, India | 34 |
| Indore, Madhya Pradesh, India | 35 |
| Vapi, Gujarat, India | 37 |
| Bhuj, Gujarat, India | 46 |

# સમસ્ત મહાજનની બીટુબી પોર્ટલનું પૃથ્થકરણ

## બીટુબી પોર્ટલમાં સ્ત્રી અને પુરૂષોએ લીધેલા લાભની ટકાવારી



- 58% સ્ત્રીઓ
- 42% પુરૂષો

KDO BUSINESS

## બીટુબી પોર્ટલમાં ઉમર પ્રમાણે લાભ લેનાર જ્ઞાતિજનો



# ડૉ.પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ના સંયમ જીવનના રજત વર્ષમાં મંગળ પ્રવેશ



માગસર સુદ ૫ વિક્રમ સંવત ૨૦૫૪ તિથિએ જખૌના સંસારી માવિત્ર ગીતાબેન લલિતભાઈ ધરમશીની દીકરી કચ્છના બોંતેર જિનાલય તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી. આજે ડૉ.પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ના નામે ભાવિકોના હૃદયકમળમાં બિરાજમાન છે. પૂ.શ્રીએ સંયમ જીવનના રજત વર્ષમાં મંગળ પ્રવેશ કરેલ છે. ગુરૂનામ પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા. સંયમના સંકલ્પના વધામણા કરી સંયમીને લાખો વંદના કરીએ.

# તિરૂપુર સંઘમાં પ.પૂ.આચાર્ય શ્રી વિમલસાગરસૂરીજી મ.સા. આદિ ઠાણા ૪ ની પધરામણી થઈ





તા.૫ ડિસેમ્બર રવિવારના દિને સવારે પ.પૂ.આચાર્ય શ્રી વિજયસાગરસૂરીજી મ.સા. આદિ ઠાણા ૪ તિરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ જૈન મંદિરે સાલેમ નગરે ચાતુર્માસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી પધારયા. પૂજ્ય સાહેબોના આગમનથી આનંદ વર્તાયો હતો. સાહેબોનું સંઘની શ્રાવિકાઓએ ભાવપૂર્વક ગહુલી રચી, કળશ શ્રીફળ સાથે પ્રદક્ષિણા કરી સ્વાગત કર્યું હતું.

ટ્રસ્ટી રતિલાલ વેરશી નાગડા અને પ્રતાપ હંસરાજ નાગડા પૂજ્યોના વૈયાવચ્ચની વ્યવસ્થા સંભાળી હતી. મહારાજ સાહેબોએ બે દિવસની સ્થિરતા કરી કોઈમ્બુતર નગર તરફ વિહાર કર્યો હતો.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જેઠીબાઈ જિનાલયે ૧૮ અભિષેક પૂજન તથા સતર ભેદી પૂજા સહ ધ્વજારોહણ હર્ષોલ્લાસપૂર્વક થયો





શ્રી સંભવનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ વાશી નવી મુંબઈના સેક્ટર નં.૨૮ સ્થિત જેઠીભાઈ જિનાલયની ૨૭મી વર્ષગાંઠના અવસરે સંઘ પ્રમુખ મણિલાલભાઈ શાહ માનદ્મંત્રી પરેશભાઈ લાલકા અને સમસ્ત ટીમના સાથ સહકારથી તથા પ.પૂ.સાધ્વીશ્રી વિશ્વકીર્તિશ્રીજી આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં યુવા વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાના સંગીતમય સથવારે ૧૮ અભિષેક પૂજન સતર ભેદી પૂજા સહ ધ્વજારોહણ હર્ષાલ્લાસપૂર્વક ઉજવાયેલ.








**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# તિરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરે મહા અઢાર અભિષેક દ્વારા ધર્મ આરાધનાઓ થઈ




સોમવાર તા.૬ ડિસેમ્બરના રોજ તિરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસર મધે મહા અઢાર અભિષેક દ્વારા ભવ્યતાથી ધર્મ આરાધનાઓનું આયોજન થયુ હતું. પ.પૂ.આચાર્ય વિમલસાગરસૂરીજી આદિ ઠાણા ૪ની પરમ નિશ્રામાં અને અશ્વિન ગુરૂજીના સંગાથે સવારના ૯.૩૦ કલાકથી શરૂ થયા. અભિષેક બાદ સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ. લાભાર્થી પરિવાર શ્રી લુંકરણ ચંપકલાલ બોહરા રહ્યાં હતાં. અભિષેક માટે ૩૬ પરિવાર લાભાર્થી થયા હતા. બહોળી સંખ્યામાં સંઘના શ્રાવક શ્રાવિકોએ ધર્મ લાભમાં જોડાઈ ધન્ય લાભ પામ્યા હતા. અષ્ટકારી પૂજા હંસરાજ વેરશી નાગડા પરિવાર અને આરતીના લાભાર્થી ભવાલાલ જૈન પરિવાર હતા. શાંતિ કળશ સાધર્મિક બહેનો લાભ લીધો હતો.




# વર્ધમાનનગરે પધારેલા જૈનાચાર્યશ્રીનું ભવ્ય સ્વાગત કરાયું



શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ મંદિર ધ્વજારોહણ પ્રસંગે પધારેલા જૈનાચાર્ય પ.પૂ.કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. તથા મુનિરાજ કલ્પતરૂસાગરજી મ.સા.નું વર્ધમાનનગર જૈન સંઘ તથા માતુશ્રી જમકુબાઇ મુલજી લાપસીયા પરિવાર દ્વારા ભવ્ય સ્વાગત કરાયું હતું.

સામૈયામાં શ્રમણીવૃંદ તથા કિશોરભાઇ સાંયા, અનીલ લાપસીયા, ચિંતલભાઇ વોરા,દિપક લાલન, પ્રબોધ મુનવર, મહેન્દ્ર લોડાયા, કીરીટ શાહ, રોનીત શાહ, ઝવેરચંદ ખોના, મુલચંદ મુનવર, બીપીન દંડ, અભય ધરમશીં, દર્શક શાહ, હરીશ લોડાયા સહિતનાં આગેવાનો તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવી લાભાર્થી પરિવાર અનીલભાઈ મુલજી લાપસીયાનાં ઘરે પાવન પગલા કર્યા હતા.

શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ મંદિરે તા.૧૧ સવારે ૮.૪૫ કલાકે અભિષેકનાં વિધિવિધાન વિધિકાર દિપકભાઈ કોઠારીએ કરાવ્યું. સવારે ૧૦ કલાકે ધ્વજારોહણ થયું. બપોરે ૧૨.૩૦ કલાકે શ્રી વર્ધમાનનગર જૈન સંઘ તથા આમંત્રિત મહેમાનોની સાધર્મિક ભક્તિ યોજાઈ હતી. બપોરે ૧૨-૩૯ કલાકે હવન પિયુષભાઈ અને કમલેશભાઈ મહુડીવાલા એ કરાવ્યું હતું. સંપૂર્ણ લાભ માતુશ્રી જમકુબાઈ મુલજી લાપસીયા કોઠારા-કચ્છ હાલે વર્ધમાનનગર પરિવારે લીધેલ. શ્રી વર્ધમાન શ્વેતામ્બર જિનાલય ટ્રસ્ટ તથા સર્વે કાર્યકરોની ટીમ અને પરિવારજનોએ સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી.

# વિદર્ભ પ્રાંતના ખામગામ નગરમાં મહારાજ સાહેબના સંયમ જીવનના પચાસ વર્ષ પુર્ણાહૂતિ અવસરે અષ્ટાકારી પૂજન કરાયું





તા.૯ ડિસેમ્બર ગુરૂવારના મહારાષ્ટ્ર રાજ્યના વિદૃભ પ્રાંતના ખમતીઘર નગર ખામગામ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના સુવર્ણ વર્ષ પૂર્ણાહૂતિ અને ૫૧મા વર્ષમા પગરણ પ્રસંગે ભક્તામ્બરની ૪૪ ગાથા પર શ્રી આદેશ્વર દાદાના અષ્ટકારી પૂજન ભાવ શ્રધ્ધા અને ભક્તિમય માહોલમાં કરાયા. લાભાર્થી મૂલજી શામજી લોડાયા પરિવાર.

આર્યરક્ષિત સાગર દાદાને ગોલ્ડપટી સમર્પણ શ્રીમતી ગિતીકાબેન વિક્રમશી પરિવાર દ્વારા કરાઈ.









# ઓજસ્વી પ્રવચનકાર મુનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના મુખવાણીથી મનનીય પ્રવચન શ્રવણનો લ્હાવો

તા.૮ ડિસેમ્બર બુધવારના ઓજસ્વી યુવા પ્રવચનકાર મુનિરાજ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની મુખવાણીથી Mirage to Ocean, મૃગજળથી મહાસાગર શિર્ષક અંતર્ગત પ્રવચન શ્રેણી મુલુંડ સંઘના આંગણેથી વહેડાવી. આ શ્રેણીનો ૯મો મણકો રજૂ કર્યો. જેમાં પ્રેક્ટિકલ ધ્યાન કરવા વિષેની સમજ પૂજ્યશ્રીએ આપી. તેમણે દર્શાવેલી પધ્ધતિથી સાધના કરવાથી આંતરિક શાંતિ, સુખ અને આનંદની છોળો જીવનમાં ઉઠે છે અને અદ્ભુત પ્રગતિ થાય છે.

૧.૦૩ કલાકનો પ્રવચનનો વિડીયો યુટ્યૂબ લીંક https://youtu.be/An7J0eBccUg પર જોઈ સાંભળી અને માણી શકાશે. જ્ઞાન સભર અને ધીર ગંભીર વાકપ્રવાહથી જિનવાણીમાં તરબોળ થવાનો લ્હાવો ચૂકવો જેવો નથી.

# પૂજ્ય ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની ઘાટકોપર ઈસ્ટ જીરાવલ્લા સંઘમાં સ્થિરતા



મુલુંડ (વેસ્ટ)માં બિરાજમાન પ.પૂ.શ્રી ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવમં યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. તા.૧૦ ડિસેમ્બર શુક્રવારના વિહાર કરી ઘાટકોપર ઈસ્ટના જીરાવલ્લા સંઘમાં પધરામણી કરી.

અત્રે પૂજ્ય સાહેબોની ૯ દિવસ સુધીની સ્થિરતા રહેશે. દર્શન વંદનનો ભાવિકો લાભ લઈ શકશે.

# જ્ઞાન વિથ ગુરૂદેવમાં રસપ્રદ પ્રશ્નોતરીના જવાબનો ૯મો મણકો માણવા જેવો

શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ દ્વારા યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ,સા. સાથે વૈભવ માનવ લોડાયા એ હમ સબકે સવાલ ગુરૂદેવ કે જવાબ અંતર્ગત રસપ્રદ રીતે પ્રશ્નોત્તરી કરી છે. જેના જવાબ ગુરૂદેવ મહારાજ સાહેબએ જ્ઞાન પૂર્ણ રીતે સાદી અને સરળ ભાષામાં આપ્યાં છે.

જે જોવું માણવું અને સાંભળવું રસપ્રદ થશે. આ જ્ઞાન વિથ ગુરૂદેવનો ૦૯ મણકો છે.

૬.૨૨ મિનીટનો યુટ્યૂબ વીડિયો માટે https://youtu.be/zB_7SxqQK7A લિંક પર ટચ કરવું.

# સાંધાણ તીર્થે ધ્વજા મહોત્સવ અનેરા આનંદ માહોલમાં ઉજવવામાં આવ્યો







તા.૫ ડિસેમ્બર રવિવારનો માગસર સુદ ૨ના દિને કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના સધ્ધર ગામ સાંધાણ નગર તીર્થે પ.પૂ.મુનિશ્રી આર્યરત્નજી સાગરજી મ.સા.ની પાવનકારી અને પરમહિતકારી નિશ્રામાં ધ્વજા મહોત્સવ અનેરા આનંદના માહોલમાં ઉજવવામાં આવેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ચડિયાતા ભાવથી આ નિમિત્તે થયેલ ધર્મ આરાધનાઓ જોડાયા હતા.











# પ.પૂ.મુનિરાજ ધર્મપ્રભસાગરજી મ.સા.નો સંયમ જીવનના ૪૪ વર્ષમાં ભવ્ય પ્રવેશ થયો



કચ્છ અબડાસાના લાલા ગામના માવિત્ર મણિબેન હીરજીભાઈ દંડ પરિવારના તેજસ્વી પુત્ર સંતાન માગસર સુદ ૭ વિક્રમ સંવત ૨૦૩૫ના તિથિ દિને ઘાટકોપરમાં સંયમ પંથ અંગિકાર કરી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી. ગુરૂનામ વર્તમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

તા.૧૦ ડિસેમ્બર શુક્રવારના પૂજ્ય સાહેબ ૪૩ વર્ષ સફળતમ સાધના સાથે પૂર્ણ કરી ૪૪ વર્ષમાં ભવ્યપણે પ્રવેશ કર્યો. પૂજ્યશ્રીનું તપોજીવન અખંડ અને શાતાભર્યું રહે એ સહભાવ સાથે અઢળક વંદન.

# મુલુંડ સંઘમાં ૧૧ દિવસે રોજના ત્રણ ટાઈમની શાનદાર પ્રવચન માળાને મળ્યો ભવ્ય આવકાર

પ.પૂ.ગુણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. ગણિ પદવી પ્રાપ્ત કરયા પછી પ્રથમવાર મુલુંડ (વેસ્ટ) સંઘમાં પદાર્પણ કર્યા. ઓજસ્વી યુવા પ્રવચનકાર પ.પૂ.મુનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.એ અત્રે સંઘમાં સતત ૧૧ દિવસ રોજના ત્રણ ટાઈમ સવારે ૮.૧૫ થી ૯.૧૫, બપોરે ૩.૧૫ થી ૪ અને રાતે ૯ થી ૧૦ સુધી વાક્વાણી દ્વારા જ્ઞાનગંગા વહેડાવી જેનો લાભ પામી જિનવાણી પ્રેમી પુણ્યાત્માઓ ધન્ય ધન્ય થઈ ગયા.

સવારે ધ્યાન વિષય, બપોરે આગમ શ્રી આચા રંગ સૂત્ર પર અને રાત્રે પ્રવચન પુણ્યાનુંબંધી પુણ્યએ વિષય પર થયા હતા. મુલુંડ ઉપાશ્રયમાં ભક્તોએ શ્રવણ લાભ લીધો. ઓજસ્વી પ્રવચનકાર મુનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.એ ૧૧ દિવસો દરમ્યાન ૧૫૦થી વધુ ગુરૂભક્તોના પરિવારમાં પગલાં કર્યા સુપાત્ર દાનનો લાભ લીધો.

ગુરૂદેવના પરમ નિશ્રામાં વાસુપૂજ્ય સ્વામી પંચકલ્યાણક પૂજન, પ્રાચીન મંત્ર અનુષ્ઠાન ધર્મ રંગનો અદ્‌ભૂત માહોલ જમાવ્યો. પૂજ્ય સાહેબોને મુલુંડ સંઘએ ૨૦૨૨માં માસ કલ્પ અને ૨૦૨૩માં ચાતુર્માસ માટેની વિનંતી કરી.

મુલુંડવાસીઓ વરસાવેલ ગુરૂ ભક્તિ માટે હાર્દિક અનુમોદના.

# ભાવભીની શ્રદ્ધાંજલિ





**રમેશ ડાઘા**
તા.૭ ડિસે. (ઉ.૭૪)
ગોએરસમા-દેવલાલી



**મીના લાપસીયા**
તા.૯ ડિસે. (ઉ.૭૯)
દલતુંગી-મુલુંડ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● જિલ્લામાં બનતા વાહન અકસ્માતોના બનાવો મોટા ભાગે તીવ્ર ગતિ-ઓવર સ્પીડના કારણે થતાં હોય છે. આ બનાવોને અટકાવવા તથા મૃત્યુના પ્રમાણને ઘટાડવા રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લામાં આધુનિક સાધનોથી સજ્જ એક એક ઈન્ટરસેપ્ટર વાન આપવામાં આવ્યાં છે. જિલ્લાના કદમાં ધ્યાનમાં રાખીને પૂર્વ તેમજ પશ્ચિમ કચ્છ માટે પ્રત્યેક એક વાહન ફાળવાયા છે. આ વાહનમાં અતિ આધુનિક લેસર સ્પીડગન, પીટીઝેડ કેમેરા, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, મોબાઈલ નેટવર્ક, વીડિયો રેકોર્ડર, અગ્નિશમન સાધનો, ફર્સ્ટએઈડ બોક્ષ, એલ.સી.ડી.મોનિટર, સ્પીડ લિમિટના કેસોના મેમો માટે પ્રિન્ટર, હાઈડ્રોલિક રેસ્ક્યુકીટ સ્ટ્રેચર, પોર્ટેબલ ઈમરજન્સી લાઈટની બેગ, ઈલે.મોટર સાથે સ્ટીલની રસ્સી, હાઈડ્રોલિક જેક, વુડકટર, માઈક, સાયરન, રૂફ લાઈટ બાર વિગેરે સાધનોથી સજ્જ છે.

● રસોઈની જેમ રાજકાજમાં પણ દીકરીઓનો રસ કેળવાય અને પોતાની આવડત બતાવીને અનોખું કામ કરે આ ઉમદા ઉદેશથી કચ્છ જિલ્લાના ચાર ગામ કુનરીયા, કુકમા, મોટા અંગિયા અને મસ્કા ગ્રામ પંચાયતોમાં ગામ કિશોરીઓએ બાલિકા પંચાયતની ધુરા પોતાના હાથમાં લઈ ગ્રામ્ય અને મહિલા વિકાસમાં પોતાની સક્રીય ભૂમિકા ભજવી રહી છે. રાજકારણ પ્રત્યે સકારાત્મકતા વધારવા અને તેનો ડર દૂર કરવા તેમજ દીકરીઓ અને મહિલાઓનો આત્મવિશ્વાસ વધારવા આ શરૂઆત મહત્વની યોજના છે.

● અમેરિકા સ્થિત જૈનોની આંતરરાષ્ટ્રીય સંસ્થા જૈનાના પ્રમુખપદે મુંદરા તાલુકાના ભુજપુરના હરેશ કાંતિલાલ ગણપત દેઢિયા-શાહ ચૂંટાયા છે. ૪૦ વર્ષ પહેલાં સ્થાપના કરાયેલ આ સંસ્થા બિનસાંપ્રદાયિક રીતે જૈન એકતા, ધર્મનો પ્રચાર-પ્રસાર અને સામાજિક તથા ધાર્મિક કાર્યો કરવાનો ઈતિહાસ ધરાવે છે. આ સંસ્થાની મદદથી ભારતમાં શિક્ષણ, આરોગ્ય, સાધર્મિક ભક્તિ અને વૈયાવચ્છના અઢળક કાર્યો થયા છે.

● ખૂબજ ઉમદા ભાવનાથી અબડાસા તાલુકાના ડુમરા ગામે ૧૯૫૬માં રૂ.અઢી લાખનું દાન આપી શા.મૂરજી નરશી પરિવાર દ્વારા ૧૫ બેડવાળી હોસ્પિટલ બાંધી આપી. તેનો કબજો કચ્છના સતાતંત્રને સોંપી ત્યારે ૧૫ શરતો સાથે દાતા અને કચ્છના ચીફ સેક્રેટરી બી.જી.ખાબડે સાથે કરાર થયાં હતા. ત્યારે ૬૦ થી ૭૦ ગામો માટે ડુમરાની હોસ્પિટલ સંજીવની બની રહી હતી. દાતા પરિવારે મોબાઈલ ફરતું દવાખાનું ૫૦ થી ૬૦ ગામોને સુવિધા મળે તે કાજે વાહન પણ સોંપ્યું હતું. પણ હવે એની સેવાઓ શૂન્ય થઈ ગઈ છે. સર્જન તબીબ, એમ. બી.બી.એસ.તબીબ, ચાર નર્સ, ચાર આયા, ચાર વોર્ડ બોય સહિત ૨૧ જણનો સ્ટાફ દર્દીઓની શુશ્રુષા કરી. આ હોસ્પિટલે આરોગ્ય ક્ષેત્રે કચ્છમાં ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આજે હોસ્પિટલનું મકાન ખંડેર થઈ ગયું છે. તમામ લેબોરેટરીના સાધનો ધરાવતી હોસ્પિટલનું સંચાલન ૧૯૬૩માં જિલ્લા પંચાયતને સોંપાતા ક્રમશ સેવાઓનો સંકેલો થતો ગયો. ૨૦૦૧ના ભૂકંપ પછી આ હોસ્પિટલ સદંતર બંધ કરી દેવાઈ છે.

● ભારત સંચાર નિગમની મોબાઈલ સેવા ફોરજી આખા કચ્છમાં ઉપલબ્ધ નથી થઈ પરંતુ હવે ઈન્ટરનેટનો જમાનો છે. તો ફાઈબર આધારિત નેટ ઝડપી મળે તે માટે અત્યંત અદ્યતન એરફાઈબર ઈન્ટરનેટ જોડાણ આપવાનું શરૂ થયું છે તેવું કચ્છની મુલાકાતે આવેલા બી.એસ.એન.એલના ગુજરાતના ચીફ જનરલ મેનેજર સંદિપ સાવરકરે જણાવ્યું હતું. કચ્છમાં રાપર, ધાણેટી અને ભુજના કેટલાક વિસ્તારોમાં જોડાણ આપવાની શરૂઆત કરવામાં આવી છે. આ અદ્યતન પ્રકારનું એર ફાઈબર જોડાણ લેવાથી ઘરમાં ફોન, ટેલીફોન કે કોમ્પ્યુટર ચાલી શકે છે પરંતુ તેના માટે વીજ જોડાણ હોવું જરૂરી છે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR®
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA